પત્રિકા ૨૦૭ | ચિરાગે હિદાયત | ૨૧/૦૪/૧૯ ૧૫ શાબાન

# ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની વિશેષતાઓ

તમામ મોઅમીનોની ખિદમતમાં વિલાદતે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની મુબારકબાદી પેશ કરીએ છીએ.

૧૫મી માહે શાબાન આપણા ઝમાના ઈમામ(અ.ત.ફ.શ.)ની વિલાદતની તારીખ છે. આ એ તારીખ છે કે જે ખુશીઓનો સંદેશો લઈને આવે છે. આ કૌલ અને કરારના આત્મ નિરિક્ષણની તારીખ છે. આ તારીખની સવાર ગુલે નરજીસ ખાતુન(સ.અ.), યુસુફે ઝહરા(સ.અ.)ના દામનની સુગંધ પ્રસરવા માટે નિયુક્ત થઈ છે. કુદરતના સૌંદર્યની ઝગમગાટ અર્શ સુધી પહોંચે છે, મોહબ્બત ધરાવનારાના ટોળાઓ પ્રકૃતિના સુંદર અને આકર્ષક મહેબુબની મહેફીલો અને જશ્ન તરફ નીકળી પડ્યા છે કે આજની તારીખે જન્મેલા ઈમામ(અ.સ.)ની બરકતોથી ગુનાહોને બક્ષાવી લઈએ. આજે કૃપાળુ અને મહેરબાન અલ્લાહે તેની ખુશ્નુદીના દરવાજાને ખુલ્લા કર્યા છે.

આજે એ અઝીમ ઈમામ(અ.સ.)ની વિલાદતનો દિવસ છે. જેને અલ્લાહ તઆલાએ અસંખ્ય વિશેષતાઓથી સન્માનિત કર્યા છે. ખુદાવંદે આલમની બારગાહમાં આ

હઝરાતનો કેટલો ઉચ્ચ અને બુલંદ મરતબો છે તે જાણવા આવો અમુક વિશેષતાઓની ચર્ચા કરીએઃ

**૧) નુર :** જ્યારે પયગંબર(સ.અ.વ.) મેઅરાજ ઉપર તશરીફ લઈ ગયા ત્યારે અઈમ્મએ માઅસુમીન(અ.મુ.સ.)ના નુરને જોયા જેમાં ઈમામે ઝમાના(અ.સ.)નું નુર ચમકતા સીતારાની જેમ સૌથી વધુ પ્રકાશિત હતું.

**૨) વંશ :** હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે "અય ફાતેમા! હું તમને મહદી(અ.સ.)ની આમદની જાણ કરૂ છું તેઓ તમારા વંશમાંથી હશે."

પયગંબર(સ.અ.વ.)એ આ વાત જનાબે ફાતેમા(સ.અ.)ને ગર્વના સ્વરૂપે કહી હતી કે ઈમામ મહદી(અ.સ.) આપના વંશમાંથી છે. જે ઈમામ મહદી(અ.સ.)ની ફઝીલત છે.

**૩) વિલાદત :** જે સમયે હઝરત(અ.સ.)ની વિલાદત થઈ તે સમયે બે મલાએકા આવીને ઈમામે ઝમાના(અ.સ.)ને પોતાની સાથે લઈ ગયા. ખુદાવંદે આલમે હઝરતને સંબોધીને કહ્યું "સ્વાગત છે મારા બંદા. તુ મારા દીનની મદદ કરવા માટે, મારી શાનને જાહેર કરવા માટે છે. એ બંદાઓના મહદી! હું કસમ ખાઈને કહું છુ તારા થકી કબુલ કરીશ, તારા થકી રદ કરીશ અને તારા થકી (કારણે) માફ કરીશ"

**૪) બય્તુલ હમ્દ :** હઝરત(અ.સ.)નું એક ઘર છે. જેને 'બય્તુલ હમ્દ' કહેવામાં આવે છે. તેમાં એક ચિરાગ (દીવા) છે, જે હઝરત(અ.સ.)ની વિલાદતના દિવસથી પ્રકાશિત છે અને આપ(અ.સ.)ના ઝહુર થવા સુધી પ્રકાશમાન રહેશે.

**૫) નામ અને કુન્નીય્યત :** રિવાયતમાં એ વાતની મનાઇ કરવામાં આવી છે કે કોઇ શખ્સ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નું નામ અને કુન્નીય્યત બંને એક સાથે રાખે. ઈમામે ઝમાના(અ.સ.)નું નામ અને કુન્નીય્યત બંને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની છે.

**૬) ઝાલિમની હુકૂમતથી દુર :** આપ(અ.સ.) ઉપર કોઈપણ ઝાલિમની હુકૂમત નથી રહી.

**૭) ઈમામતની મોહર :** જેવી રીતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પીઠ ઉપર ખત્મે નબુવ્વતની મોહર હતી તેવી જ રીતે આપ હઝરતની મુબારક પીઠ ઉપર ખત્મે ઈમામત અને વસાયતની મોહર છે.

**૮) નિશાનીઓ :** આપ(અ.સ.)ની વિલાદતના સમયે જેવી નિશાનીઓ જાહેર થઈ એવી નિશાનીઓ ઝહુરના સમયે જાહેર થશે.

‘‘અમે નઝદીકમાં અમારી નિશાનીઓ દુનિયામાં (આસમાન અને ઝમીન)ને ખુદ તેમના વજુદમાં દેખાડી દઈશુ. જેથી તેઓ સમજી જાય કે હક શું છે.’’

*(સૂરએ ફુસ્સેલત-૫૩)*

ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની વધુ વિશેષતાઓનો ઝિક્ર ઈન્શાઅલ્લાહ આવતી પત્રિકામાં કરવામાં આવશે.

એ જાણવું જરૂરી છે કે ઈમામ મહદી(અ.સ.)નો અકીદો ઈસ્લામના ઉસુલોમાંનો એક ઉસુલ છે અને આ અકીદાનો ઈન્કાર ગુમરાહી અને કુફ્ર છે અને તે ઈસ્લામમાંથી નીકળી જાય છે.

આવો! આ અઝીમ મુબારક મૌકા ઉપર અલ્લાહ તઆલાથી દુઆ કરીએ કે આપણને સૌને આખર ઝમાનાની ગુમરાહીથી સુરક્ષિત રાખે અને ઈમામે ઝમાના(અ.સ.)ના ઝુહુરમાં જલ્દી કરે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com